# K.J.GOLAVIYA

(ADVOCATE)

Date : 22/09/2017

KALPESH J. GOLAVIYA ADVOCATE G/1466 2008 SURAT

## :: ટાઈટલ કલીઅરન્સ સર્ટીફિકેટ ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ ઉધના) મોજે ગામ **ડીંડોલી** ના **રે.સર્વે.નં : ૧૮૯/૩, જેનો બ્લોક નંબર : ૩૦૬** થી નોંધાયેલ જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૦ ચો.મી. પૈકી **૨૯૭૩ ચો.મી.** છે, જેનો **ટી.પી.સ્કીમ નં: ૬૨** (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) નાં **ફાઈનલ પ્લોટ નં: ૧૧૧/એ/૧** જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ **૧૯૩૨ ચો.મી.** વાળી બિનખેતીની જમીનનો ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ.

**મિલકતના માલીક તથા કબ્જેદારનું નામ :**
**અનધ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી**
રજી.ઓફીસ : બ્લોક નં. ૩૦૬, ડીંડોલી, તા. ઉધના, જી. સુરત.

મારી સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓના આધારે હું સદર જમીન પેટે નીચે મુજબની વિગતથી ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ આપું છું.

**સદરહું રે.સ.નં. ૧૮૯/૩, બ્લોક નં. ૩૦૬ વાળી જમીનની ટાઈટલની હકીકત એવી છે કે,**

સુરત જીલ્લાના, ચોર્યાસી તાલુકાના મોજે ગામ ડીંડોલીના રે.સ.નં. ૧૮૯/૩, બ્લોક નં. ૩૦૬ વાળી જુની શરતની જમીનના મુળ માલીક રણછોડભાઈ ખુશાલભાઈ વારસાઈ હકકે ચાલી આવેલ. ત્યારબાદ રણછોડભાઈ ખુશાલભાઈ તા.૨૭/૦૭/૧૯૫૦ ના રોજ ગુજરી જવાથી નાથુભાઈ રણછોડભાઈ વિગેરેના નામ વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ મોજે ડીંડોલીના ગામ નમુના નં.૬ (હકકપત્રક) માં નોંધ નં. ૬૩૫ થી તા. ૨૨/૧૦/૧૯૫૦ ના રોજ નોંધાયેલી અને પ્રમાણીત થયેલી.

ત્યારબાદ મજકુર નાથુભાઈ રણછોડભાઈ તથા વનમાળી નાથુભાઈ વિગેરેના પાસેથી પરાગજીભાઈ મકનજીભાઈએ તા.૩૦/૦૧/૧૯૫૧ ના રોજ વેચાણથી રાખેલ. જે અંગેની નોંધ મોજે ડીંડોલીના ગામ નમુના નં.૬ (હકકપત્રક) માં નોંધ નં. ૬૪૫ થી તા. ૨૧/૦૨/૧૯૫૧ ના રોજ નોંધાયેલી અને પ્રમાણીત થયેલી.

ત્યારબાદ શ્રી પરાગજીભાઈ મકનજીભાઈએ તા. ૧૮/૦૫/૧૯૭૨ ના રોજ તેમના દીકરાઓ (૧) શ્રી બાબુભાઈ પરાગજી, (૨) શ્રી ઠાકોરભાઈ પરાગજી, (૩) શ્રી ધનસુખભાઈ પરાગજીનાઓ વચ્ચે કૌટુંબીક વહેંચણ કરતા સદરહું જમીન તેમના દીકરા ધનસુખભાઈ પરાગજીભાઈના હીસ્સે આવેલ. જે અંગેની નોંધ મોજે ડીંડોલીના ગામ નમુના નં.૬ (હકકપત્રક) માં નોંધ નં. ૩૩૫૪ થી તા. ૧૮/૦૫/૧૯૭૨ ના રોજ નોંધાયેલી અને પ્રમાણીત થયેલી.

FOR ANADH ENTERPRISE

PARTNER

U/12,Diamond World,Mini Bazar,Varachha Road,Surat-6..
Mob. 99096 57608.

# K.J.GOLAVIYA
(ADVOCATE)

Date : 22/09/2017

સદરહું જમીનને એકત્રીકરણ યોજના લાગુ પડતા મે. સેટલમેન્ટ કમીશ્નર સાહેબ અને જમીન રેકર્ડઝ નિયામક (ગુ.રા) અમદાવાદે તેમની કચેરીના ક્રમાંક નં. ઉમસક/ કોન/ સુરત ૭૪૬ તા.૧૧/૦૨/૧૯૮૦ થી કાયદાની કલમ ૨૦ ની પેટા કલમ–૧ હેઠળ મંજુર કરેલ છે. જે ગુજરાત રાજયના ગેઝેટના ભાગ–૧, પાના નં.૧૯૮ ઉપર તા.૨૧/૦૨/૧૯૮૦ થી પ્રસિધ્ધ થયેલ. આમ સદર ગામની યોજના તા.૧૩/૦૫/૧૯૮૦ ના રોજ અમલમાં આવેલ જે અંગેની નોંધ મોજે ડીંડોલીના ગામ નમુના નં.૬ (હકકપત્રક) માં નોંધ નં. ૫૧૬૬ થી તા. ૧૩/૦૧/૧૯૮૪ ના રોજ નોંધાયેલી અને તા. ૧૮/૦૨/૧૯૮૪ ના રોજ પ્રમાણીત થયેલી.

ત્યારબાદ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં જાહેરનામા નં. કે.વી./ ૨૧૨/૨૦૦૬/ એસ.એમ.એન./ ૯૦ ૨૦૦૬/૪૧૦/ પી તા. ૨૦/૦૭/૨૦૦૬ થી સત્તાવીસ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે તેમજ ચાર ગામ જે અંશતઃ સીટી તેમજ ચોર્યાસી તાલુકામાં ચાલુ હતા તે પણ સુરત મહાનગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાનાં ડીંડોલી (૦૪૧) ગામની સુરત સીટી તાલુકામાં ચાલુ ડીંડોલી (૦૩૧) ગામમાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફારની નોંધ ગામ નમુનાં નં. ૬ હકક પત્રકમાં નોંધ નં. ૭૩૮ થી તા.૨૪/૦૫/૨૦૦૭ ના રોજ પાડવામાં આવેલ છે.

ત્યારબાદ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં જાહેરનામા નં. કે.વી./ ૨૬/૦૬/ એસએમએન/ ૯૦ ૨૦૦૬/૪૧૦/ પી તા. ૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામા નં. કે.વી./ ૨૧૨/૦૬/ એસએએન./ ૯૦. ૨૦૦૬/૪૧૦/ પી તા. ૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગરપાલીકા તથા સત્તાવીસ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે આમ સુરત મહાનગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ડીંડોલી ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફારની નોંધ ગામ નમુનાં નં. ૬ હકક પત્રકમાં નોંધ નં. ૬૯૭૦ થી તા.૧૮/૦૫/૨૦૦૭ ના રોજ પાડવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૩૦૬ જેનું ક્ષેત્રફળ ૧–૨૧–૪૦ ચો.મી. જમીન પૈકી ૨૯૭૩ ચો.મી. વાળી જમીન ધનસુખભાઈ પરાગજીભાઈ પાસેથી મહેશભાઈ વલ્લભભાઈ સવાણીએ વેચાણ રાખેલ. જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબ (નવાગામ) ની કચેરીમાં અનુક્રમ નં. ૧૪૦૯ થી તા. ૨૦/૦૧/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. જેને ૧ નંબરની બુકમાં નવા અનુક્રમ નં. ૧૩૮૫૭ થી તા.૧૩/૦૬/૨૦૦૮ ના રોજ નોંધવામાં આવેલ છે. જે વેચાણ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં નોંધ નં. ૨૨૭૮ થી તા. ૨૧/૦૬/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા.૦૮/૦૮/૨૦૧૪ ના રોજ સર્કલ ઓફીસર ઉધના સુરતનાએ પ્રમાણીત કરેલ છે.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૩૦૬, સ.નં. ૧૮૯/૩ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૧–૨૧–૪૦ ચો.મી. જમીન પૈકી મહેશભાઈ વલ્લભભાઈ સવાણીના હીસ્સે ચાલી આવતી ૨૯૭૩ ચો.મી. જમીન જેને લાગુ ટી.પી.સ્કીમ નંઃ ૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) ના ફા.પ્લોટ નંઃ ૧૧૧/એ/૧ મુજબ ૧૯૩૨ ચો.મી. વાળી જમીનની ગણોતધારા કલમ–૬૩ હેઠળ બીનખેતીના વાણીજ્ય હેતુ માટે વેચાણની પરવાનગી લેવા માટે

FOR ANADH ENTERPRISE
PARTNER

# K.J.GOLAVIYA
(ADVOCATE)


Date : 22/09/2017

મહેશભાઈ વલ્લભભાઈ સવાણીએ નાયબ કલેકટર સીટી પ્રાંત સુરતની કચેરીમાં અરજી કરેલ જે અરજીના અનુસંધાનમાં નાયબ કલેકટર સીટી પ્રાંત સુરતના એ તેઓના **હુકમ ક્રમાંક નં. એમએસસી/ ગ.ધા.ક.૬૩/વશી.૮૩૪/૨૦૧૫/રજી.નં.૨૮/૨૦૧૫ તા.૨૧/૦૪/૨૦૧૫** ના રોજ ગણોતધારા કલમ–૬૩ હેઠળ અનઘ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી ને વાણીજયના હેતુ માટે વેચાણ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. જે હુકમ અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રકમાં નોંધ નં.૨૩૯૩ થી તા.૨૮/૦૪/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૬/૦૬/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મોજે ગામ **ડીંડોલી** ના **રે.સર્વે.નં : ૧૮૯/૩**, જેનો **બ્લોક નંબર : ૩૦૬** થી નોંધાયેલ જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૦ ચો.મી. પૈકી **<u>૨૯૭૩ ચો.મી.</u>** છે, જેનો **<u>ટી.પી.સ્કીમ નં: ૬૨</u>** (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) નાં **<u>ફાઈનલ પ્લોટ નં: ૧૧૧/એ/૧</u>** જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ **<u>૧૯૩૨ ચો.મી.</u>** વાળી ખેતીની જમીન મહેશભાઈ વલ્લભભાઈ સવાણી પાસેથી **અનઘ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી**એ વેચાણથી રાખેલ. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી રાંદેરની કચેરીમાં **અનુક્રમ નં. ૫૯૦ થી તા. ૦૬/૦૫/૨૦૧૫** નાં રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ દફતરે, એન્ટ્રી નંબર ૨૪૦૦ થી તારીખ ૦૮/૦૬/૨૦૧૫ થી કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૧૬/૦૭/૨૦૧૫ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મોજે ડીંડોલીના રે.સર્વે.નં : ૧૮૯/૩, જેનો બ્લોક નંબર : ૩૦૬ થી નોંધાયેલ જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૦ ચો.મી. પૈકી <u>૨૯૭૩ ચો.મી.</u> છે, જેનો <u>ટી.પી.સ્કીમ નં: ૬૨</u> (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) નાં <u>ફાઈનલ પ્લોટ નં: ૧૧૧/એ/૧</u> જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ <u>૧૯૩૨ ચો.મી.</u> વાળી જમીનમાં વાણિજયનાં હેતુ માટે બીનખેતીની પરવાનગી મેળવવા માટે અનઘ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી એ મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાને અરજી કરતા તેઓના **હુકમ નં.(જે) / બખ / તપસ / ક–૬૬ / રજી.નં.૮૦ / ૨૦૧૫–૧૬ થી તારીખ ૨૨/૦૭/૨૦૧૬** ના રોજ બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે. જે અંગેની હુકમની નોંધ રેવન્યુ દફતરે, એન્ટ્રી નંબરઃ ૨૫૬૫ થી તારીખઃ ૨૯/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૭/૧૦/૨૦૧૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મોજે ડીંડોલીના રે.સર્વે.નં : ૧૮૯/૩, જેનો બ્લોક નંબર : ૩૦૬ થી નોંધાયેલ જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૦ ચો.મી. પૈકી <u>૨૯૭૩ ચો.મી.</u> છે, જેનો <u>ટી.પી.સ્કીમ નં: ૬૨</u> (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) નાં <u>ફાઈનલ પ્લોટ નં: ૧૧૧/એ/૧</u> જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ <u>૧૯૩૨ ચો.મી.</u> વાળી જમીનમાં બાંધકામ કરવા અંગેની પરવાનગી મેળવવા માટે અરજી કરતા સુરત શહેરી વિકાસ અધીકારીશ્રી, સુરત મહાનગરપાલીકા તરફથી **હુકમ નંબર T.D.O./DP/NO.229 DATE: 06/08/2016** નાં રોજ બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર અનઘ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીએ સદરહુ જમીન ઉપર ધી સર્વોદય સહકારી બેંક લી. વરાછારોડ શાખા માંથી રૂા. ૨,૨૦,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે કરોડ વીસ લાખ પુરાનું ધીરાણ લીધેલ. જે અંગેનો રજી.મોર્ગેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી ઉધનાની કચેરીમાં અનુક્રમ નં.

FOR ANADH ENTERPRISE
PARTNER


U/12,Diamond World,Mini Bazar,Varachha Road,Surat-6..
Mob. 99096 57608.

# K.J.GOLAVIYA
(ADVOCATE)

Date : 22/09/2017

૭૮૦૧ થી તા. ૦૮/૦૬/૨૦૧૭ નાં રોજ નોંધાયેલ છે. જે બોજો દાખલની નોંધ રેવન્યુ દફતરે, એન્ટ્રી નંબર ૨૬૪૧ થી તારીખ : ૨૬/૦૭/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે અનધ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી મોજે ડીંડોલીના રે.સર્વે.નં : ૧૮૯/૩, જેનો બ્લોક નંબર : ૩૦૬ થી નોંધાયેલ જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૦ ચો.મી. પૈકી ૨૯૭૩ ચો.મી. છે, જેનો ટી.પી.સ્કીમ નં: ૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) નાં ફાઈનલ પ્લોટ નં: ૧૧૧/એ/૧ જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૧૯૩૨ ચો.મી. વાળી બિનખેતીની જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર, વહીવટેદાર, ભોગવટેદાર બનેલા. એણી વિગતે **અનધ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી** થી મજકુર જમીનના ટાઈટલ સંપુર્ણ બને છે.

સદર બીનખેતીની જમીનના **માલીકી હકકના ટાઈટલો સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ છે અને પ્રથમ દર્શીય રીતે શંકાસ્પદ માલીકી (ડીફેકટીવ ટાઈટલ) હોવાના કોઈપણ પુરાવા નથી.**

સદર ટાઈટલ રીપોર્ટની સાથે મારી સમક્ષ રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જમીન માલીકને પરત કરેલ છે. જેની યાદી નીચે મુજબ છે.

(૧) મોજે ડીંડોલીના રે.સર્વે.નં : ૧૮૯/૩, બ્લોક નંબર ૩૦૬ વાળી જમીનની ૭/૧૨, ૮/અ તથા ગામ નમુના નં. ૬ હકકપત્રકના ઉતારાની તમામ નકલો.

(૨) મોજે ડીંડોલીના રે.સર્વે.નં : ૧૮૯/૩, બ્લોક નંબર ૩૦૬ વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સબ રજીસ્ટ્રાર શ્રી સુરત (રાંદેર) ની કચેરીમાં અનુક્રમ નંબરઃ ૫૯૦ થી તારીખઃ૦૬/૦૫/૨૦૧૫ ના રોજ નોંધાયેલ તેની નકલ.

(૩) મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાએ તેમના હુકમ નં. (જે) / બખ / તપસ / ક–૬૬ / રજી.નં.૮૦ / ૨૦૧૫–૧૬ થી તારીખ ૨૨/૦૭/૨૦૧૬ ના રોજ બીનખેતીની પરવાનગી આપેલ તેની નકલ.

(૪) સુરત શહેરી વિકાસ અધીકારીશ્રી, સુરત મહાનગરપાલીકા તરફથી હુકમ નંબર T.D.O./DP/NO.229 DATE: 06/08/2016 નાં રોજ બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ રજાચીઠ્ઠી તથા તમામ પ્લાનની નકલ.

(૫) ઝોનીંગ સર્ટીફીકેટ તથા ઝોનીંગ પ્લાનની નકલ.

(૬) ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) અંતગર્ત ફાળવવામાં આવેલ ફા.પ્લોટ અંગેના ફોર્મ–એફ ની નકલ.

(૭) એકત્રીકરણ તખતાની નકલ.

FOR ANADH ENTERPRISE
[signature]
PARTNER

U/12,Diamond World,Mini Bazar,Varachha Road,Surat-6..
Mob. 99096 57608.

# K.J.GOLAVIYA
(ADVOCATE)

Date : 22/09/2017

(૮) ભાગીદારી ડીડ તથા ભાગીદારી પેઢીના પાનકાર્ડની નકલ.

(૯) ભાગીદારી પેઢીના રજીસ્ટ્રેશન ફોર્મ–જી ની નકલ.

(૧૦) સબ–રજીસ્ટ્રારશ્રી અઠવાની કચેરીમાંથી મેળવેલ વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૮ સુધીની શોધ રસીદ પહોચ નં. ૨૦૧૭૦૧૮૦૬૧૦૧૬, તા. ૨૨/૦૯/૨૦૧૭.

(૧૧) સબ–રજીસ્ટ્રારશ્રી નવાગામની કચેરીમાંથી મેળવેલ વર્ષ ૧૯૯૯ થી ૨૦૧૧ સુધીની શોધ રસીદ પહોચ નં. ૨૦૧૭૦૨૦૦૩૭૮૮૯, તા. ૨૨/૦૯/૨૦૧૭.

(૧૨) સબ–રજીસ્ટ્રારશ્રી રાંદેરની કચેરીમાંથી મેળવેલ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીની શોધ રસીદ પહોચ નં. ૨૦૧૭૩૨૨૦૦૧૫૫૬, તથા બોજા અંગેનું પત્રક તા. ૨૨/૦૯/૨૦૧૭.

## :: મીલકત અંગેની વિગત ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી (હાલ ઉધના) મોજે ગામ **ડીંડોલી** ના **રે.સર્વે.નં : ૧૮૯/૩, જેનો બ્લોક નંબર : ૩૦૬** થી નોંધાયેલ જમીન જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૦ ચો.મી. પૈકી **૨૯૭૩ ચો.મી.** છે, જેનો **ટી.પી.સ્કીમ નં: ૬૨** (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) નાં **ફાઈનલ પ્લોટ નં: ૧૧૧/એ/૧** જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ **૧૯૩૨ ચો.મી.** વાળી બિનખેતીની જમીનનો ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ.

આભાર સહ

(signature) (stamp: KALPESH J. GOLAVIYA ADVOCATE G/1466 2008 SURAT)

કે.જે.ગોળવિયા (એડવોકેટ)

FOR ANADH ENTERPRISE

(signature)

PARTNER

U/12,Diamond World,Mini Bazar,Varachha Road,Surat-6..
Mob. 99096 57608.